**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૧/૦૫/૨૦૧૭ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૭૦/૧૭**

**ક્રાઇમબ્રાન્ચ :**

**તાજેતરમાં સરદારનગર વિસ્તારમાં થયેલ અન્ડીટેક્ટ મર્ડરનો ભેદ ઉકેલી આરોપી ને ગુન્હામાં વાપરેલ હથીયાર (છરી) સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જાળવાઇ રહે તેમજ મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તેમજ તાજેતરમાં કુબેરનગર છારાનગર બંગલા એરીયા વિસ્તારમાં આવેલ સાંઇબાબા ફલેટના ગેટની બહારના ભાગે આવેલ રોડ તથા કોટની દિવાલ પાસે એક અજાણ્યા વ્યક્તિની લોહી લુહાણ હાલતમાં પડેલી લાશ મળી આવેલ જે મરણજનારને અજાણ્યા ઇસમે તિક્ષ્ણ હથિયારથી છાતીના ભાગે જીવલેણ ઘા મારી મોત નિપજાવી તેની લાશ ત્યાં જ મુકી અથવા તો બીજી જગ્યાએ મોત નિપજાવી લાશ સાંઇબાબા ફલેટના ગેટની બહારના ભાગે આવેલ રોડ તથા કોટની દિવાલ પાસે ફેંકી દીધેલ હોય જે અંગે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ થયેલ છે જે ગુન્હાની પ્રાથમિક તપાસમાં મરણ જનાર વ્યક્તિ અમુતભાઈ રેવાભાઈ સોલંકી તરીકેની ઓળખ થયેલ હતી જે ગુન્હાના આરોપીની શોધમાં પણ હતા.

દરમ્યાન બાતમી હકિકત આધારે સદર સાંઇબાબા ફલેટની બાજુમાં આવેલ પમ્પીંગ સ્ટેશન સરદારનગર ખાતેથી આરોપી રવિ ઉર્ફે રવિ ચોટી ઉર્ફે બરફ ગોળાવાળો રામુભાઇ તમંચે રહે. સીંગલ ચાલી સાધના મુકેશ ઇન્દ્રેકરના ઘરની સામે છારાનગરની મર્ડરમાં વાપરેલ છરી કબજે કરી ધરપકડ કરવામાં આવેલ છે. અને તેની સઘનમાં પુછપરછમાં જાણવા મળેલ છે કે, આરોપી પોતાના વિસ્તારમાં આવેલ બબુના મકાન કે જે સિંગલચાલી સાંઈબાબા ફ્લેટની પાછળ આવેલ છે ત્યા આરોપી દારુ પિવાના ઈરાદે ગયેલ જ્યા દારુ પિવા માટે આ મરણ જનાર અમુતભાઈ સોલંકી હાજર હતો તથા ગુડ્ડુ કે જે આરોપીનો બનેવી છે તથા આરોપીનો એક સબંધી હાજર હતા ત્યાં આ આરોપી અને મરણજનાર અમુતભાઈ સોલંકી વચ્ચે ઝગડો થતા આરોપીએ નજીકમાં આવેલ મકાનમાંથી છરી લાવી જે છરી વડે મરણજનારના છાતીના ડાબી બાજુએ મારી આરોપી મરણ જતા ત્યા હાજર ગુડ્ડુ તથા તેના સબંધીએ તથા આરોપીએ પોતે મળી લાશને સાંઈબાબા ફ્લેટની નજીકમાં ફેંકી દીધેલ અને છરી ને બાજુમાં આવેલ બંધ હાલતના પંમ્પીગ સ્ટેશનમાં આવેલ ઓરડીના ધાબા ઉપર ફેંકી દીધેલ અને ત્યાંથી નાસી ગયેલ અને આજરોજ આ ફેંકી દીધેલ છરીના ભાગ લઈ અને તેને નદીમાં નાંખી દેવા સારુ લેવા આવેલો તે દરમ્યાન હકીક્ત આધારે પકડાઈ ગયેલ છે

ગુનાહીત ઈતિહાસ

આ કામનો આરોપી અગાઉ ચેઈન સ્નેચિંગ તથા લુંટના ગુન્હમાં પકડાયેલ છે અને તેના ભાઈની પત્નિના મર્ડરના ગુન્હમાં પકડાયેલ છે.



**<u>વટવા પોલીસ સ્ટેશન :</u>**

-x વટવા પોલીસ સ્ટેશન x-

આરોપણ બાઈને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

<u>પ્રોહીબીશન સબંધી</u>

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક :- પીસીબી/ડીટીએન/પાસા/૩૧૩/૨૦૧૭ તા.૨૦/૦૫/૨૦૧૭ ના પાસા અટકાયતી આરોપણ બાઈ નામે સુનીતાબેન વા/ઓ દીલીપભાઈ ડાહ્યાભાઈ જાતે-ચુનારા ધંધો-મજુરી ઉવ.૫૨ રહે, ભમરીયા કુવા સામે કલરટેક કંપનીની સામે છાપરામાં નારોલ વટવા અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધમાં વટવા પો.સ્ટે. દાખલ થયેલ પ્રોહીબીશન સબંધી ગુનાઓમાં આરોપણ બાઈ વિરુધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપણ બાઈને આજરોજ તારીખ.૨૦/૦૫/૨૦૧૭ ના કલાક ૨૧/૧૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર – સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે .

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.